ગોદરેજ ગાર્ડન સિટીમાં આગ લાગવાની ઘટના

પતિએ પત્નીની હત્યા કરી ઘરમાં લગાવી દીધી આગ

આગની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં અફરા તફરીનો માહોલ સર્જાયો : ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો

અમદાવાદ, તા.૨૦

શહેરના એસજી હાઈવે પાસે આવેલી ગોદરેજ ગાર્ડન સિટીમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ગોદરેજ ગાર્ડન સિટીના ઈડન વી બ્લોકમાં ચોથા માળે આગ લાગી હતી. આગ લાગતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જે બાદ આગની જાણ ફાયર વિભાગ અને પોલીસને કરવામાં આવી હતી. બનાવની જાણ થતા પોલીસ અને ફાયર વિભાગના જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા. જે બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવવા પ્રયાસ હાથ ધર્યો હતો. જો કે, આ આગની ઘટનામાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે, પતિએ પત્નીની હત્યા કર્યા બાદ ઘરમાં આગ લગાવી હતી.

અમદાવાદના એસજી હાઈવે પાસે આવેલા ગોદરેજ ગાર્ડન સિટીમાં આવેલા ઈડન વી બ્લોકમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. આગ લાગતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો અને અફરા તફરી સર્જાઈ હતી. જે બાદ બનાવની જાણ પોલીસ અને ફાયર વિભાગને કરવામાં આવી હતી. બનાવની જાણ થતા જ પોલીસ અને ફાયર વિભાગના જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા. બનાવના પગલે ફાયર વિભાગના છ ફાયર ફાઈટર સાથે જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા. જે બાદ ફાયર વિભાગે આગ પર ભારે જહેમત બાદ કાબૂ મેળવ્યો હતો.

ગોદરેજ ગાર્ડન સિટી ઈડન વી બ્લોકના રુમ નંબર ૪૦૫માં આ આગ લાગી હતી. જ્યાં પતિ અનિલ બઘેલ અને પત્ની અનિતા બઘેલ વચ્ચે ઝઘડો થયો હતો. જ્યારે ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચ્યો એ પહેલાં જ દંપતી નીચે હતા અને સિરિયસ હાલતમાં હતા. સ્થાનિક લોકોનું કહેવું છે કે, તેઓનો અંદરોઅંદર ઝઘડો થયો હતો. જો કે, આગ લાગવાનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. પણ પોલીસ દ્વારા એફએસએલની મદદ લેવામાં આવી છે. તો બીજી તરફ, ઈજાગ્રસ્ત થતા અનિલ બઘેલને સોલા સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.આગ પર કાબૂ મેળવ્યા બાદ સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. બાર માળની આ બિલ્ડીંગના રહીશોને ફાયર વિભાગે સુરક્ષિત રીતે બચાવ્યા હતા. તો બનાવના પગલે પોલીસે પણ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં જે ખુલાસો થયો એ જાણીને પોલીસ સહિત લોકો પણ ચોંકી ઉઠ્યા હતા. પોલીસ તપાસમાં ખુલાસો થયો કે, આ બ્લોકમાં રહેતા પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને એ પછી મારામારી પણ થઈ હતી. જે બાદ ઉશ્કેરાઈ ગયેલા પતિએ પત્નીનું ગળુ કાપીને હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ પતિએ ઘરમાં આગ લગાડી દીધી હતી. પુરાવાનો નાશ કરવા માટે પતિએ ઘરમાં આગ લગાવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, પતિ અને પત્ની વચ્ચે વારંવાર ઘર કંકાસ થતો હતો. ઘર કંકાસ થયા બાદ બંને વચ્ચે જોરદાર ઝઘડો થયો હતો. જે બાદ પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને પત્નીનું ગળુ કાપીને તેની હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે પતિએ ઘરમાં આગ લગાવી દીધી હતી. આ દરમિયાન તેમના બાળકો સ્કૂલે ગયા હતા. જો કે, આગ લાગવાની ઘટનામાં પતિ પણ ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારે પોલીસે પણ આ હત્યા પાછળનું સાચુ કારણ જાણવા માટે તપાસ હાથ ધરી છે.

૭૭ લાખની છેતરપિંડી કરનાર આરોપીની ધરપકડ

સુરત, તા.૨૦

સુરત સાયબર ક્રાઈમ પોલીસે વીમા કંપનીના નામે ૭૭ લાખની છેતરપિંડી કરનાર આરોપીની દિલ્હીથી ધરપકડ છે. ફરિયાદીને વીમા કંપનીના પૈસા મળવાના હતા જ્યારે આરોપીએ વીમા લોકપાલ માંથી બોલું છું કહી વિમાના પૈસા ચુકવણી ચાર્જના નામે ૭૭ લાખ પડાવી લીધા હતા.

સુરતના પાલ વિસ્તારમાં રહેતા હીરા વેપારીએ વીમા કંપની પોલિસી પોતાના નામે ઉતારી હતી. આ વર્ષો બાદ આ વીમા કંપનીના ૧૬ લાખ રૂપિયા તેમને મળવાના હતા.દરમિયાન ગત ૧૭-૦૯-૨૦૨૨ થી ૧૪-૧૦-૨૦૨૨ દરમ્યાન અલગ અલગ નંબરથી ફોન કરી પોતે મેક્સ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાંથી બોલતા હોવાની ખોટી ઓળખ આપી હતી. તમારા વિમાના પૈસાની ચુકવણી કરવાની છે.

ત્યારે તમારે તેના ચાર્જ ચુકવવા પડશે એમ કહીને ફરિયાદી પાસેથી અલગ અલગ રીતે ૭૭ લાખ પડાવી લીધા હતા.પરંતુ હીરા વેપારીને ઈન્સ્યોરન્સનું પેમેન્ટ મળ્યું ન હતું.૧૬ લાખ મેળવવાના ચક્કરમાં ૭૭.૦૩ લાખ ગુમાવ્યા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ અંગે તેઓએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.આ સમગ્ર ઘટનામાં સુરત સાયબર સેલે હીરા વેપારીની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ કરી હતી અને આ ગુનામાં સંડોવાયેલા પોલીસ પકડતી દૂર ભાગતો ફરતો ઋષભ કુમાર રવિચંદ્ર શ્રીવાસ્તવ નામના આરોપીની દિલ્હીથી ધરપકડ કરી છે. આરોપી મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે અનાજના હોલસેલનો વ્યાપાર કરે છે.

આ ગુનામાં અગાઉ પોલીસે ઉતર પ્રદેશથી ટ્રેડીંગના વ્યવસાય સાથે સંકળાયેલા બે આરોપીઓની ધરપકડ કરી હતી.ત્યારે વધુ એક આરોપીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના એસજી હાઈવે પાસે આવેલી ગોદરેજ ગાર્ડન સિટીના ઈડન વી બ્લોકમાં ચોથા માળે આગ લાગી હતી. આગ લાગતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જેમાં એક મહિલાનું મોત થયું હતું. ફાયર વિભાગે ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

ટીપી સ્કીમ અંગે રજૂઆત કરવા જતા બબાલ

નિકોલના કોર્પોરેટર બળદેવ પટેલને લોકોએ જાહેરમાં માર માર્યો

આ અંગે પાછળથી પોલીસને જાણ થતાં કૃષ્ણનગર પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને ફરિયાદની તજવીજ હાથ ધરી હતી

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના નિકોલ વોર્ડના ભાજપના કોર્પોરેટર બળદેવ પટેલને આજે બપોરે લોકોએ જાહેરમાં માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા શિવાજી ચોક પાસે ટીપી સ્કીમના અમલીકરણ બાબતે જ્યારે તેઓ ગયા ત્યારે લોકોનું ટોળું તેમને ઘેરી વળ્યું હતું અને લોકોએ જાહેરમાં તેઓને માર માર્યો હતો. ઈજાગ્રસ્ત કોર્પોરેટરને સારવાર અર્થે કાકડિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે પાછળથી પોલીસને જાણ થતાં કૃષ્ણનગર પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને ફરિયાદની તજવીજ હાથ ધરી હતી.

અમદાવાદના નિકોલ વોર્ડના ભાજપના કોર્પોરેટર બળદેવ પટેલને બપોરે લોકોએ જાહેરમાં માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા શિવાજી ચોક પાસે ટીપી સ્કીમના અમલીકરણ બાબતે તેઓ રજૂઆત કરવા માટે ગયા હતા. ત્યારે પથી વધુ લોકોનું ટોળું તેમને ઘેરી વળ્યું હતું અને લોકોએ જાહેરમાં જ તેઓને માર માર્યો હતો. લોકોએ પોતાનાં ઘર રોડની કપાતમાં જતાં હોવાથી પોતાનો ગુસ્સો તેમની ઉપર ઠાલવ્યો હોવાની લોકચર્ચા ચાલી રહી છે. ઈજાગ્રસ્ત કોર્પોરેટરને સારવાર માટે કાકડિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના શાસક પક્ષના નેતા ભાસ્કર ભટ્ટ અને દસ્ક્રોઈના ધારાસભ્ય બાબુ પટેલ તાત્કાલિક હોસ્પિટલ દોડી ગયા હતા.

ટીપી સ્કીમના રોડના અમલીકરણ બાબતે સવારે તેઓ દસ્ક્રોઈના ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલની ઓફિસે ગયા હતા અને ત્યાં સમજાવટ બાદ ઘરે પરત ગયા હતા. ઘર પાસે લોકોએ તેઓને ફરીથી બોલાવ્યા હતા અને ત્યારબાદ ત્યાં મારામારી કરવામાં આવી હતી. હાલમાં કોર્પોરેટરને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ અંગે બળદેવ પટેલે જણાવ્યું હતું કે, આજે ટીપી સ્કીમની રોડ કપાત મામલે સ્થાનિક લોકો ધારાસભ્ય બાબુ પટેલની ઓફિસે ગયા હતા. જ્યાં તેઓને સમજાવ્યા હતા કે, જ્યારે ફાઈનલ ટીપી થશે, ત્યારે જોઈશું. જો તમે કહેશો તો મકાન તૂટશે નહીં તો જ્યારે ફાઈનલ ટીપી થાય ત્યારે નિર્ણય લઈશું. સમજાવટ બાદ અમે ત્યાંથી નીકળી ગયા હતા અને જ્યારે હું ઘરે પહોંચ્યો, ત્યારે મારી સોસાયટી જલતરંગ વિભાગ એકની બહાર જ પાંચેક લોકોનું ટોળું ઊભું હતું. જેવો ગાડીની બહાર આવ્યો ત્યારે મને લોકોએ માર માર્યો હતો.

ભાજપના નેતાની સંડોવણીછી કમલમમાં ખળભળાટ

કબૂતરબાજીમાં ભાજપના ટોચના નેતા અને કાર્યકરોના નામ ઉછળ્યા

કરોડો રૂપિયાના કબૂતરબાજીના કૌભાંડમાં છેવટે બોબી પટેલ તથા યોગેશ પટેલની ધરપકડ કરવામાં આવી છે

અમદાવાદ, તા.૨૦

દેશના બહુ ચકચારી ડિંગુચા પ્રકરણનો રેલો હવે ધીમેધીમે ભાજપના કમલમ સુધી પહોંચ્યો છે. કરોડો રૂપિયાના કબૂતરબાજીના કૌભાંડમાં છેવટે બોબી પટેલ તથા યોગેશ પટેલની ધરપકડ થઈ છે, પણ પ્રકરણમાં બચાવવા જતાં કમલમના એક મોટા કદના નેતા ફસાયા છે. જેનો રેલો છેક દિલ્હી સુધી પહોંચ્યો છે. પોતાની જાતને સુપર ગૃહમંત્રી કારણે તમને કંઈ નહીં થાય ની બડાશો હાંકતા નેતાઓની બકરી ડબ્બામાં પૂરાઈ ગઈ છે. એમને એમ કે આ પ્રકરણમાં પોલીસને કહેવાથી કામ થઈ જશે પણ હવે એમના પર પણ છાંટા ઉડી રહ્યાં છે. આ પ્રકરણમાં ભાજપના નેતાએ બચાવ કર્યો હોવાનું બહાર આવતાં સરકાર અને સંગઠનમાં પણ સોપો પડી ગયો છે. સરકાર આ મામલે કડકાઈથી કાર્યવાહી કરી રહી છે. દિલ્હીથી સીધા આદેશ હોવાને કેટલાક નેતાઓ સાથે ખાસ ઘરોબો પણ હતો. સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ અધિકારીઓ દ્વારા તાજેતરમાં ભરત પટેલ ઉર્ફે બોબી પટેલની ધરપકડ કરાયા બાદ ૩૦ કરોડની રકમનો તોડ કરાયો હોવાની ચર્ચા છે. આ સમગ્ર મામલો સ્ટેટ મોનીટરીંગ સેલના સીનીયર અધિકારી નિર્લેપ રાયના ધ્યાને આવ્યો ત્યારે તેમણે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. જેમાં જી એચ દહિયાની

નગરપાલિકાની તિજોરીઓ પણ ખાલીખમ

ગુજરાત સરકારનું દેવુ રૂપિયા ૩,૦૦,૯૬૩ કરોડને પાર થયું

નગરપાલિકાઓના પાણી અને વીજળી બીલનું બાકી લ્હેણું રૂપિયા ૧,૧૬૦ કરોડ રૂપિયાએ પહોંચી ગયું છે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિકાસના પંથે ભૂપેન્દ્ર પટેલની સરકારમાં સતત આગળ વધી રહ્યું છે પણ આ સાથે સાથે ગુજરાતનું દેવું પણ વધી રહ્યું છે. કહેવાય છે કે વિકાસ હોય તો દેવું થવાનું છે કારણ કે રૂપિયા વિના વિકાસ પણ શક્ય નથી. ગુજરાત સરકારનું દેવુ રૂપિયા ૩,૦૦,૯૬૩ કરોડને પાર થયુ છે અને એ જ રસ્તે હવે રાજ્યની ૧૫૭ નગરપાલિકાઓનો વહિવટ આગળ વધી રહ્યો છે. પાલિકાઓના પાણી અને વીજળી બીલનું બાકી લ્હેણું રૂપિયા ૧,૧૬૦ કરોડે પહોંચ્યુ છે. જો, ગુજરાત સરકાર દ્વારા પાલિકાઓને ચૂકવાતી સહાય બંધ કરી દેવાય તો આ સંસ્થાઓની આર્થિક સ્થિતિ વધુ વણસી જશે. થોડા દિવસ પહેલાં જસદણ પાલિકાનું વીજકંપનીએ કનેક્શન કાપી નાખતાં સત્તાધીશો દોડતા થઈ ગયા હતા. જેઓએ માંડ માંડ કનેક્શન રિસ્ટોર કરાવી લાઈટ ચાલુ કરાવી હતી. પાલિકા સત્તાધિશો વેરાઓની ઉઘરાણી ન કરી શકતા આ બોજ સરકાર પર પણ વધી રહ્યો છે. પાણી પુરવઠા અને વીજકંપનીઓના તોતિંગ બિલો પાલિકા પર ચડી રહ્યાં છે. ૧૫૭માંથી ઘણી નગર પાલિકાઓ આ બિલો ચૂકવવામાં અસમર્થ છે કારણ કે એમની વસૂલાત ઓછી છે.

ગુરૂવારે રાજ્યની તમામ નગરપાલિકાઓના પદાધિકારી અને ચીફ ઓફિસર્સની સિટી લિડર્સ કોક્રલેવ મળી હતી. જેમાં ૧૫૦ શહેરી સંસ્થાની આર્થિક વિકાસનું પ્રેઝન્ટેશન કરાયું હતું. હાલમાં ૧૫૭ નગરપાલિકાઓને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાણી પુરૂ પાડે છે. વોટર ચાર્જિસ પેટે સરકારના આ બોર્ડને રૂપિયા ૬૧૦ કરોડ લેવાના બાકી નીકળે છે. જ્યારે સ્ટ્રીટ લાઈટ સહિત વીજ વપરાશ પેટે રૂપિયા ૫૫૦ કરોડનું બીલ વિવિધ ઉર્જા કંપનીઓને લેવાનું થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં ૧૫ માં નાણાપંચની ગ્રાન્ટમાંથી કરવાના વિકાસ કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી માટે નગરપાલિકા કક્ષાએ સમિતિની રચના કરવાનો અને તેને ફાઈનાન્સિયલ પાવર્સ ડેલિગેટ કરવાનો (નાણાંકીય સત્તા સોપવાનો) નિર્ણય કર્યો છે. રાજ્યના નગરો-મહાનગરોમાં થતાં વિકાસ કામોમાં ગતિ લાવવા મુખ્યમંત્રીએ ક્રુનેહપૂર્ણ અભિગમ દાખવી આ આગવો નિર્ણય કર્યો છે. વિકાસકામો માટે નગરપાલિકાને ફાળવાતી ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાં પ્રાદેશિક કમિશ્નરની અધ્યક્ષતાની સમિતિ પાસે ફાયનાન્સિયલ પાવર હોવાથી ક્યારેક સ્થાનીક સ્તરે વિકાસકામો માટે નાણાં ફાળવણીમાં વિલંબ પણ થતો હોવાની રજુઆતો મુખ્યમંત્રી સમક્ષ આવી હતી.

કોક્રલેવ પહેલા જ મુખ્યમંત્રીએ ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસના કામોની તાંત્રિક અને વહિવટી મંજૂરી માટે પાલિકાકક્ષાએ સમિતિ રચીને નાણાકીય સત્તાઓ વહેંચ્યા હતા. સત્તાના વિકેન્દ્રીકરણના ભાગરૂપે તેમણે ચીફ ઓફિસરના અધ્યક્ષપદે સમિતિ રચવાનો નિર્ણય જાહેર કર્યો છે. જે અનુસાર અ વર્ગની પાલિકાઓની સમિતિને રૂપિયા ૫૦ લાખ, બ- વર્ગની પાલિકાને ૪૦ લાખ, પ- વર્ગને રૂ.૩૦ લાખ અને ડ- વર્ગની પાલિકા રૂ.૨૦ લાખ સુધીના કામો સમિતિ મારફતે મંજૂર કરાવી વિકાસની રફતાર વધારી શકશે, પ્રોપર્ટી ટેક્સ પેટે રૂ.૬૨૩ કરોડની સામે માંડ રૂ.૨૨૮ કરોડની જ વસૂલાત થઈ રહી છે. આ સ્થિતિમાં દેવાળું કુંકાય અને પાણી અને વીજ કનેક્શન કાપી ન દેવાય તેના માટે સરકાર પોતે સીધી ગ્રાન્ટમાંથી જ પાલિકાઓ વતી બીલ ચૂકવીને વહિવટનું સંતુલન કરી રહી છે. આથી, તમામ પાલિકાઓને કડકાઈ પૂર્વક વસૂલાત, આવકના નવા સ્રોત ઉભા કરવા, વેરાના વર્ષો જૂના દરો વધારવા મુખ્યમંત્રી સહિત અધિકારીઓએ સુચના આપી છે. હવે સરકારની આ સુચનાનો કેટલો અમલ થાય છે તેના પર સૌની નજર છે.

મુખ્યમંત્રીએ આ પ્રશ્નના સમાધાન માટે, સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા સ્થાનિક સ્તરે ઝડપી અને પારદર્શી વહીવટની નેમ સાથે, દરેક નગરપાલિકામાં ચીફ-ઓફિસરની અધ્યક્ષતામાં સમિતિ રચવાનો અને તેને ફાયનાન્સિયલ પાવર્સ ડેલિગેટ કરવાનો (નાણાંકીય સત્તા સોપવાનો) નિર્ણય કર્યો છે. તેમના આ નિર્ણય મુજબ, 'અ' વર્ગની નગરપાલિકાની સમિતિને રૂપિયા ૫૦ લાખ, 'બ' વર્ગની નગરપાલિકાની સમિતિને ૪૦ લાખ, 'ક' વર્ગની નગરપાલિકાની સમિતિને ૩૦ લાખ અને 'ડ' વર્ગની નગરપાલિકાની સમિતિને રૂપિયા ૨૦ લાખ સુધીના પાવર્સ ડેલીગેટ કરવાનો નિર્ણય કર્યો છે.

બીજા માળેથી પટકાતા બાળકનું કરુણ મોત નીપજ્યું

દાદીએ તડકો ખાવા બેસાડેલો પૌત્ર બીજા માળેથી પટકાયો

બાળકના અકાળે મોતથી પરિવાજનો ઘેરા શોકમાં ગરકાવ

સુરત, તા.૨૦

શહેરમાં એક ખૂબ જ ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરતમાં બીજા માળેથી પટકાતા બાળકનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટના સરથાણાના યોગેશ્વર નગર સોસાયટીમાં બની છે. જ્યાં દાદીએ શિયાળાનો તડકો ખાવા બેસાડેલો પૌત્ર નીચે પટકાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. બાળકના અકાળે મોતથી પરિવાજનો થયા ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયો છે.

સામાન્ય રીતે બાળકોને શિયાળામાં તડકો ખવડાવતાં હોય છે. આવામાં સુરતમાં બનેલી ઘટના વાલીઓ માટે ચેતવણીરૂપ છે. જ્યાં દાદીએ પૌત્રને તડકો ખવડાવી રહ્યા હતા, ત્યારે આ ઘટના બની હતી. દાદીએ તડકામાં બેસાડેલો પૌત્ર પડી ગયો હતો. બાળક બીજા માળેથી નીચે પટકાયો હતો. જેના લીધે બાળકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. પુત્રના અકાળે મોતથી પરિવાજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે.

ઘટનાને પગલે રત્નકલાકાર પરિવાર ઉપર આભ તૂટી પડ્યો છે. જ્યારે હીરેનભાઈને સંતાનમાં એક દોઢ વર્ષીય પુત્ર વર્ણી હોવાનું જાણવા મળી રહ્યું છે.

તાજેતરમાં જ સેલવાસમાં પણ આવી જ એક ઘટના સામે આવી હતી. સેલવાસના ડોકમરડી વિસ્તારમાં એક નવનિર્મિત બિલ્ડીંગના આઠમા માળેથી નીચે પટકાતા ૬ વર્ષીય બાળકનું કરૂણ મોત નીપજ્યું હતું. શ્રમિક પરિવારના બાળકના મોતને લઈ પરિવારમાં ગમગીનીનો માહોલ છવાયો હતો. બનાવ અંગે સેલવાસ પોલીસે ફરિયાદ નોંધની જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. સેલવાસના ડોકમરડી વિસ્તારમાં નવા બ્રિજની બાજુમાં જ નવનિર્મિત ૧૦ માળનું બિલ્ડીંગનું કામ ચાલી રહ્યું છે. અહીં બિલ્ડીંગના બાંધકામ માટે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ધાનવેરી ગામનું એક પરિવાર પણ અહીં કામ કરતું હતું. તેમનો ૬ વર્ષીય બાળક રુદય રતિલાલ અરજ ગામમાં સરકારી શાળામાં અભ્યાસ કરતો હતો. ઉતરાયણની રજા હોવાથી તેઓ પરિવાર બાળકને રજાના માહોલમાં પોતાની સાથે લઈ આવ્યું હતું.

વિન્ની ઓવરસીઝ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: B/H ઇન્ટરનેશનલ હોટેલ, નારોલ-ઇસનપુર રોડ, નારોલ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૦૫ ઇન્ડિયા
કોર્પોરેટ આઇડેન્ટિફિકેશન નંબર:L51909GJ1992PLC017742
Tel. No.: +91 79 2573 1900 | Fax: N.A. | Email: cs@vinnyoverseas.in | Website: www.vinnyoverseas.in

અસાધારણ સામાન્ય સભા અને ઈ-વોટિંગની માહિતીની સૂચના

અસાધારણ સામાન્ય સભા અને ઈ-વોટિંગની માહિતીની સૂચના આથી સૂચના આપવામાં આવે છે કે વિન્ની ઓવરસીઝ લિમિટેડના સભ્યોની વિશેષ સામાન્ય સભા (EOGM/EGM) મંગળવાર, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે યોજાશે. બી/એચ ઈન્ટરનેશનલ હોટેલ નારોલ-ઈસનપુર રોડ નારોલ અમદાવાદ - ૩૮૨૪૦૫, ગુજરાત, ભારત ખાતેની કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ખાતે ઈએસની સૂચનામાં દર્શાવ્યા મુજબ વ્યવસાયો વ્યવહાર કરવા માટે

રિમોટ ઈ-વોટિંગ સૂચનાઓ, એટેન્ડન્સ સ્લિપ અને પ્રોક્સી ફોર્મ સહિત EGM ની સૂચના ફક્ત તે બધા સભ્યોને જ ઈલેક્ટ્રોનિક મોડમાં મોકલવામાં આવી છે જેમના ઈ-મેલ આઈડી કંપની અથવા તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ(ઓ) સાથે નોંધાયેલા છે.રિમોટ ઈ-વોટિંગ: કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ ની જોગવાઈઓના પાલનમાં કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) એમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૧૫ ના નિયમ ૨૦ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલો) ના નિયમ ૪૪ સાથે વાંચો. જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫, કંપની તેના સભ્યોને રિમોટ ઈ દ્વારા EOGM ની સૂચનામાં દર્શાવેલતમામ વ્યવસાયો પર ઈલેક્ટ્રોનિક માધ્યમથી એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મીટિંગ (EOGM)માં તેમના મત આપવાના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડે છે. - NSDL દ્વારા પૂરી પાડવામાં આવતી મતદાન સેવાઓ. રિમોટ ઈ-વોટિંગ સુવિધા માટેની વિગતવાર સૂચનાઓ EOGM ની સૂચનામાં સમાયેલ છે જે સભ્યોને મોકલવામાં આવી છે. કંપની અધિનિયમ, ૨૦૧૩ અને નિયમોની જોગવાઈઓને અનુરૂપ વિગતો અહીં આપવામાં આવી છે:

૧. રિમોટ ઈ-વોટિંગના હેતુ માટે કટ-ઓફ તારીખ શુક્રવાર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૩ છે.

૨. ઈ-વોટિંગનો સમયગાળો: ઈ-વોટિંગ સવારે ૯:૦૦ વાગ્યાથી શરૂ થાય છે. ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ અને સાંજે ૫:૦૦ વાગ્યે સમાપ્ત થાય છે. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ. મહેરબાની કરીને નોંધ કરો કે ઉપરોક્ત સમય અને તારીખથી વધુ દૂરસ્થ ઈ-વોટિંગને મંજૂરી આપવામાં આવશે નહીં.

૩. EOGM ની સૂચના કંપનીની વેબસાઈટ (www.vinnyoverseas.in) પર, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ એટલે કે BSE લિમિટેડ www.bseindia.com પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ www.nseindia.com પર ઉપલબ્ધ છે. અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડની વેબસાઈટ પર. (NSDL) www.evoting.nsdl.com પર

૪. જે વ્યક્તિઓએ શેરો મેળવ્યા છે અને EOGM ની નોટિસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બન્યા છે અને કટ-ઓફ તારીખ એટલે કે ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ શેર ધરાવે છે, તેઓ રિમોટ ઈ-ની સૂચનાઓ અને પ્રક્રિયાને અનુસરીને તેમનો મત આપી શકે છે. ઈએસ ની સૂચનામાં પ્રદાન કરેલ મતદાન.

૫. જે વ્યક્તિનું નામ નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભદાયી માલિકોના રજિસ્ટરમાં ફક્ત કટ-ઓફ તારીખે નોંધાયેલું હોય, તે રિમોટ ઈ-વોટિંગની સુવિધા તેમજ મતદાનની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે. EOGM.

૬. સભ્યો પોતાનો મત આપ્યા પછી પણ અસાધારણ સામાન્ય સભામાં ભાગ લઈ શકે છે. રીમોટ ઈ-વોટીંગ પરંતુ મીટીંગમાં ફરી વોટ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

૭. મતદાન પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા EOGM પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને જે સભ્યોએ દૂરસ્થ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો નથી તેઓ EOGM પર તેમના અધિકારનો ઉપયોગ કરી શકશે. જો સદસ્યો બંને મોડ દ્વારા તેમનો મત આપે છે, તો ઈ-વોટિંગ દ્વારા કરવામાં આવેલ મતદાન પ્રચલિત રહેશે અને મતદાન પેપર દ્વારા આપવામાં આવેલ મતને અમાન્ય ગણવામાં આવશે.

૮. જો તમને NSDL ઈ-વોટિંગ સિસ્ટમમાંથી ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે એક લખી શકો છો evoting@nsdl.co.in પર ઈમેઈલ કરો અથવા ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરો. ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦.

૯. સભ્યોને ઓળખના પુરાવા સાથે એટેન્ડન્સ સ્લિપમાં યોગ્ય રીતે ભરેલી સબમિટ કરવા વિનંતી કરવામાં આવે છે.

સ્થળ:અમદાવાદ
તા:૨૧/૦૧/૨૦૨૩

વિન્ની ઓવરસીઝ લિમિટેડ એસડી/- માટે
સ્થળ: અમદાવાદ તારીખ: ૨૦/૦૧/૨૦૨૩
હીરાલાલ જગદીશચંદ પારેખ મેનેજિંગ ડિરેક્ટર

PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : KRUNAL VINODBHAI PATEL PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM B-2-217, Madhuvrund Society, Near. Tripda School, Ghatlodia, Ahmedabad-380061(GUJ)